**મહાનગરપાલિકા,જૂનાગઢ**
**કેટલ પાઉન્ડ શાખા**
**જાહેર નીવીદા ૨૧–૨૨**

મહાનગરપાલિકા,જુનાગઢની સેનીટેશન શાખા હસ્તકની કેટલ પાઉન્ડ શાખા દ્વારા જુનાગઢ શહેર વિસ્તારમાંથી પકડવામા આવેલ રખડતા **ભટકતા તેમજ ટ્રાફીકને** અડચણરૂપ ગૌવંશ પશુઓને પકડવાની કામગીરી કરવામા **આવે છે. આ પકડવામાં** આવેલ ગૌવંશ પશુઓને મહાનગરપાલિકા, જુનાગઢની **માલિકીની જગ્યા ખાતે** રાખવામાં આવે છે. આ ગૌવંશને આજીવન સંભાળવા જે કોઈ ગૌશાળા કે પાંજરાપોળ તૈયાર હોય, તેવી ગૌશાળા કે પાંજરાપોળ પાસેથી લેખીત સહમતી માંગવામાં આવે છે. ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા આ ગૌવંશ સંભાળવા બાબતની લેખીત સહમતી આ જાહેર નિવીદા પ્રસિધ્ધ થયાની તારીખ થી દિવસ–૧૫ સુધીમાં નીચે મુજબના સરનામે રજીસ્ટર એ.ડી./સ્પીડ પોસ્ટ/રૂબરૂ/કુરીયર આપવાની રહેશે. આ ગૌવંશને આજીવન સંભાળવા મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા પ્રતિ ગૌવંશ દીઠ નકકી થયેલ શરતોને આધિન રૂા. ૩૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પૂરા) ચુકવવામાં આવશે. આ ગૌવંશ મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા જે–તે ગૌશાળા કે પાંજરાપોળ ખાતે પહોંચતા કરવામાં આવશે. જે ગૌશાળા કે પાંજરાપોળ લેખીત સહમતી આપે તે ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા મહાનગરપાલિકા, જૂનાગઢનાં નિયત નમુનામાં રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરવાનો રહેશે. આ અંગે ની શરતો નીચે જણાવેલ સરનામે **કચેરી દરમ્યાન ચાલુ દિવસો એ જોવા મળશે.**

લેખીત સહમતી મોકલવાનુ સરનામું ::–
**કેટલ પાઉન્ડ શાખા, ઓફીસ નંબર ૨૧૪,**
**સ્વામી વિવેકાંનદ ભવન, મહાનગરપાલિકા કચેરી,**
**આઝાદ ચોક, જુનાગઢ.**

સહી
**(તુષાર સુમેરા I.A.S)**
**કમિશનર**
**મહાનરગપાલિકા,જૂનાગઢ**